## જન્મદિને વધામણી



દિશાન્ત ગર્ગ
મો. ૮૫૧૧૬ ૧૯૪૬૫



મનિષાબેન મનોજકુમાર તપોધન
મો. ૯૯૨૪૫ ૦૯૦૨૦



નેન્સી ભાવિક પટેલ
મો. ૭૩૫૯૪ ૧૯૨૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગુજરાતમાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહનો રવિવારથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા અંગે જાગૃતિ કેળવાય તે આશયથી આગામી તા. ૨૫મી સપ્ટેમ્બર-૨૦૧૬ પંડિત દીનદયાળ ઉપાધ્યાયના જન્મદિનથી તા. ૨જી ઓક્ટોબર-૨૦૧૬ સુધી રાજ્યભરમાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણી કરવામાં આવશે, એમ સર્વશીક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશસિંહની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર તા. ૨જી ઓક્ટોબર-૨૦૧૬ના રોજ મેગા કાર્યક્રમ યોજી, રેલી, સંકલ્પ, ગ્રામસભા, સમૂહ સફાઈ, કચરો એકત્ર કરવો, ઈનામ વિતરણ, સફાઈ કામદારોનું સન્માન જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. જેનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં સ્વચ્છતા, સામાજિક સમરસતા સધાય અને લોકોમાં જાગૃતિ અને વિવિધ કક્ષાએ લોકો સ્વચ્છતા અને સમરસતા પ્રત્યે અભિમુખ થાય તે માટેનો છે. તો આવો મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને સાકાર કરવા આપણે પણ સહભાગી બનીએ.

# ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ ફેન્સિંગની સ્પર્ધામાં રાષ્ટ્રકક્ષાએ રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે



માયા ચૌધરી નીતા ચૌધરી

ગાંધીનગર, તા. ૨૧

આણંદ જિલ્લાના ધુવારણ ખાતે અન્ડર-૧૯ વિભાગમાં મહિલાઓની રાજ્યકક્ષાની ફૅન્સિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સૅક્ટર-૭ની વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી અને પ્રથમ તથા દ્વિતિય ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું. આ વિદ્યાર્થીનીઓ હવે રાષ્ટ્ર કક્ષાએ રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

માયા માનાભાઈ ચૌધરીએ ઈપી અને વ્યક્તિગત સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ અને દ્વિતિય તથા નીતા ઍન ચૌધરીએ ટીમ ગૅમમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

બંને વિદ્યાર્થીનીઓને સ્કૂલનાં આચાર્ય સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક લીલાબેન આઈ ચૌધરી, વિનાક્ષીબેન સુતરિયા અને હેતલબેન દેસાઈએ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# સંસ્કૃતમાં પીએચ.ડીની ડિગ્રી મેળવનાર બોપલનાં ડો. દિપીકા સરડવાનું સન્માન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૨૧

સંસ્કૃત વિષયમાં પીએચડીની પદવી તાજેતરમાં જ પ્રાપ્ત કરી હોય તેવા વિદ્વાનોનું સ્વામિશ્રી પ્રણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટ, રાજકોટ તથા શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ જુનાગઢના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં બોપલ નગરપાલીકાના કાઉન્સિલર રેખાબેન સરડવનાં પુત્રવધૂ ડો. દિપીકા વિઠલાપરા-સરડવાનું પણ પારિતોષિકો તથા પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાજેતરમાં જ સંસ્કૃતમાં પીએચડીની ડિગ્રી મેળવનાર ડો.દિપીકા વિઠલાપરા-સરડવા, પ્રો.ડો એમ.વી.જોષી, કૌશિકભાઈ છાયા, જનકભાઈ જોષી, મિહીરભાઈ જોષી સહિત સંસ્કૃત ભાષાના અનેક વિદ્વાનો સહિત મોટી સંખ્યામાં સંસ્કૃત ભાષાના જિજ્ઞાસુઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃતમાં પી.એચ.ડી.ની ડિગ્રી મેળવનારા બોપલના ડો.દિપીકા વિઠલાપરા-સરડવાએ જણાવ્યુ હતુ કે, વેદ, ઉપનિષદ, પુરાણોની રચના દેવભાષા સંસ્કૃતમાં જ કરવામાં આવેલ છે. સંસ્કૃત એ ભારતની વિશ્વને આપવામાં આવેલ અમુલ્ય ભેટ છે. ખાસ કરીને યુવાનોએ સંસ્કૃત ભાષા જાણવી ખુબ જ જરૂરી છે. આધુનિક યુગમાં પણ ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખવા માટે સંસ્કૃત ભાષાને સામાન્ય લોકો સુધી વ્યવહારમાં પહોચાડવી ખૂબ જ જરૂરી છે.

# એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સ્ટાર સ્પોટ્ર્સ તરફથી કબડ્ડીનું માર્ગદર્શન



અમદાવાદ ખાતે ઈન્ટર- નેશનલ કબડ્ડીની સ્પર્ધા ટૂંક જ સમયમાં યોજાઈ રહી છે. આ સંદર્ભમાં સ્ટાર સ્પોટ્ર્સ તરફથી આવેલા કોચીસ દ્વારા એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના વિધ્યાર્થીઓને કબડ્ડીની સ્પર્ધાના નિયમોની સમજ આપવામાં આવી હતી તેમજ વિદ્યાર્થીઓ વચ્ચે કબડ્ડીની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોના જવાબો પણ આ નિષ્ણાતોએ સંતોષકારક રીતે આપ્યા હતા. વિદ્યાર્થીઓએ રસપૂર્વક સમગ્ર કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# રૂફટોપ સોલર ફોટોવોલ્ટીક ઈન્સ્ટોલર માટે રાષ્ટ્રીય પ્રમાણીકીકરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

પ્રતિષ્ઠિત રૂફટોફ સોલર ફોટોવોલ્ટીક ઈન્સ્ટોલર માટેના રાષ્ટ્રીય પ્રમાણીકીકરણ કાર્યક્રમ ('સર્ટિફિકેશન પ્રોગ્રામ')ના ઉદ્ઘાટન સમારોહમાં સુજીત ગુલાટી, અધિક મુખ્ય સચિવ, ઊર્જા અને પેટ્રો-કેમિકલ્સ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, સંતોષ વૈદ્ય, જોઈન્ટ સેક્રેટરી, નવીન અને પુનઃ પ્રાપ્ત ઊર્જા મંત્રાલય, ભારત સરકાર, ઈશ્વરભાઈ ભાવસાર, ચેરમેન, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી સૌની એક છત્ર હેઠળની માનવંતી ઉપસ્થિતિ હતી.

રૂફટોપ સોલર તેનાથી મળતા સઘળા લાભ છતાં વિતરણમાં રહેલ જટિલતા અને આ ક્ષેત્રના ટેકનો સોશિયલ પ્રકારના લીધે સરકાર માટે અમલીકરણ કરવામાં ભારે પડકારભર્યુ ક્ષેત્ર છે. આનો સ્વીકાર કરતાં ભાવસારે જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સ્તરની સબસિડી હોવા છતાં અમે પ્રારંભિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ. રાજ્યમાં રહેણાકી રૂફટોપ સોલર ઈન્સ્ટોલેશન માટે ગુણવત્તાપૂર્ણ સાધન અને કારીગરી સુનિશ્ચિત કરવી એ એક મુખ્ય પડકાર છે. કારણ કે અકુશળ ઈલેક્ટ્રિશિયન આ પ્રણાલી પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે અને વપરાશકાર ટેકનોલોજી વિશે અજાણ હોઈ શકે છે. અંદાજ મુજબ ભારતમાં સને ૨૦૨૨ સુધીમાં ૪૦ હજાર મે. વોટના રૂફટોપ સોલરના લક્ષ્યાંકને હાંસલ કરવા કુશળતા ધરાવતા ૧૦ લાખ સોલર ટેકનિશિયનની જરૂર પડશે. ડૉ. ઓમકાર જાની, પ્રિન્સિપલ રિસર્ચ સાયન્ટીસ્ટ (સોલર એનર્જી), GERMI એ જણાવ્યું કે આટલા બધા ટેકનિશિયન એક જ સંસ્થા તૈયાર કરી આપે તે અશક્ય વાત છે. તેથી અમે દેશભરમાં ૧૦૦ ભાગીદાર તાલીમી સંસ્થાઓમાં ટેકનિશિયન્સ તૈયાર કરવા કોશિશ કરી રહ્યા છીએ.

આ કાર્યક્રમ ૨૦૧૫ની વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન પિયૂષ ગોયલ, કોલસો, ઊર્જા અને પુનઃ પ્રાપ્ય ઊર્જાના કેન્દ્રિય મંત્રી દ્વારા શરૂ કરાયો હતો. હાલની તાલીમ કાર્યશાળા પ્રશિક્ષકો માટે ચાલતી ચોથી તાલીમશાળા છે. વૈદ્યે જણાવ્યું કે પ્રધાનમંત્રીના સ્વપ્ન સમાન વિરાટ સોલર લક્ષ્યાંક સિદ્ધ કરવા બધા જ હિતધારકોએ સુમેળપૂર્વક કામ કરવું પડશે. ઉદ્ઘાટન સમારંભમાં ગુજરાત અને બહારના અધિકૃત તાલીમ સંસ્થાઓમાં ૬૦ થી વધુ ટેકનિશિયનોને પદવી અપાઈ. ગુલાટી દ્વારા સંખ્યાબંધ રૂફટોપ સોલર ઈન્સ્ટોલેશન કંપનીઓની હાજરીની નોંધ લેવામાં આવી. આ કાર્યક્રમ દરમિયાન ટેકનિશયનોને લગભગ ૧૦૦ ટકા નોકરીઓ આપવામાં આવી. યુનિવર્સિટી વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ દ્વારા આધુનિક કૌશલ્ય વિકાસનો પાયો મજબૂત કરીને તેમની રોજગારી પ્રાપ્તિ ક્ષમતામાં વધારો કરશે.

રૂફટોપ સોલર ફોટોવોલ્ટીક ઈન્સ્ટોલર માટે રાષ્ટ્રીય પ્રમાણીકીકરણ કાર્યક્રમ સોલર વ્યવસાય હેતુ માટે તાલીમી ક્ષમતા વિકસાવનાર મંચ સાબિત થશે.

## ડાયરેક્ટ ❤ સે

ગાઢ સંબંધોમાં પણ એટલી જગ્યા તો રાખજો જ કે સંબંધમાં હોય એ વ્યક્તિ એમાં શ્વાસ લઈ શકે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાઝ રિબૂટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૧.૦૦

**સ્ક્રીન-૩**
ધી શેલોઝ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
ધી શેલોઝ (હિન્દી)
૫.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
ફ્રિકી અલી
૧૨.૪૫
બાર બાર દેખો
૩.૪૫, ૯.૩૦
કૉલેજ બસ (ગુજરાતી)
૬.૪૫

**સ્ક્રીન-૫**
રાઝ રિબૂટ
સવારે ૧૦.૦૦
પિન્ક
૧.૦૦,૪.૦૦,૧૦.૦૦
ફ્રિકી અલી
૭.૦૦

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું વતન - વહાલું વતન'

# બધી જ ફિલ્મો માત્ર મનોરંજન નથી હોતી, 'પિન્ક' મનોમંથન માટે છે

## કથા-સત્સંગની જેમ કોઈ ફિલ્મ પણ આપણું કલ્યાણ કરી શકે !





'તુ ખુદ કી ખોજ મે નિકલ, તુ કિસ લિયે હતાશ હૈ, તુ ચલ ! તેરે વજૂદ કી સમય કો ભી તલાશ હૈ...' કવિ-ગીતકાર તન્વીર ગાઝીના સશક્ત શબ્દો અને સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના શક્તિશાળી સ્વર સાથે 'પિન્ક' પરદો પુનઃ 'બ્લેક' થઈ જાય છે, અને તમે સંપૂર્ણ 'પિન્ક' !!!

વર્તમાનને જે વિચારની જરૂર છે, અને સમાજને જે મુદ્દે વિચારતા કરવાની અનિવાર્યતા છે, એ વિચાર અમિતાભ બચ્ચનની ફિલ્મ 'પિન્ક' એ સમાજના મનમાં ખૂબજ મજબુત રીતે આરોપ્યો છે.

આપણો સમાજ-બહુ ગોળગોળ લખ્યા વિના સીધું-સ્પષ્ટ જ કહું કે, સમાજ એટલે આપણે જ. હું અને તમે એટલે જ સમાજ. આપણા પાસે બધી જ બાબતો માટે બેવડા ધોરણો છે, પુરૂષ-સ્ત્રીઓ માટે અલગ માપ અને અલગ દંડ છે...! જે બાબતો-વર્તનો દીકરા માટે-પુરૂષ માટે સહજ લાગે એ જ બાબતો દીકરી કે સ્ત્રીઓ માટે તેમના મૂલ્યાંકનનું માપ ગણાય છે. બહેન-દીકરી-સ્ત્રીનો પહેરવેશ તેમના ચારિત્ર્યની ચાડી ખાય છે. બહેન-દીકરી કે સ્ત્રી થોડું હસીને વાત કરે અને મિત્રની માફક વાત-વાતમાં થોડી સહજતાથી સમીપ આવે તો આપણે તેને 'આહ્‌વાન' માની લઈએ છીએ...! ગુજરાતમાં તો દારૂબંધી છે એટલે જાહેરમાં તો આપણે 'આ બાબત 'આપણને લાગુ પડતી નથી'- એમ આસાનીથી કહી દઈશું...! પણ જો કોઈ મહિલા અન્ય પુરૂષ મિત્ર સાથે મદિરાનું સેવન કરવાનું મન બનાવે તો એ મહિલા સહસયન માટે પણ રાજી છે એવું આપણે માની જ લઈએ છીએ...!!! જાહેરમાં આપણે ઊંચા અવાજે કહી દઈશું કે, ના હું એવું નથી કરતો... પરન્તુ ઈશ્વર સામે ઉભા રહીને પોતાની જાતને પુછીશું તો આ વાત બિલકુલ-સો એ સો ટકા સાચી જ છે. આપણે ભાગી છુટીએ, આપણો અંતરઆત્મા ક્યાં જાય?

આ બધું જો સ્ત્રીઓ દ્વારા થાય તો ચારિત્ર્યહીનતા અને પુરૂષો કરે તો પરાક્રમ !!! અગ્નિ પરીક્ષા તો સીતાની જ થાય. પુરૂષ તો પરીક્ષક માત્ર !!! આપણા આવા બેવડા ધોરણો સામે અમિતાભ બચ્ચન 'પિન્ક' આંખો કાઢીને દમદાર અવાજમાં દમામભેર સવાલો ઉઠાવે છે અને આપણું માથું-સમાજનું માથું શરમથી ઝૂકી જાય છે. ઝૂકવું જ જોઈએ... ક્યારેક સત્ય સામે શિશ ઝૂકાવવું જોઈએ.. ઈશ્વર કદાચ માફ કરી પણ દે...



બંગાળી દિગ્દર્શક અનિરૂધ્ધ રૉયચૌધરી એ દિગ્દર્શિત કરેલી ફિલ્મ 'પિન્ક' ની વાર્તા અને સ્ક્રીન-પ્લે રિતેશ શાહે લખ્યાં છે. દિલ્હી જેવા મહાનગરના પૉશ વિસ્તારમાં એક ફ્લેટમાં એકલી રહેતી ત્રણ સહેલીઓ : મિનલ અરોરા (તાપસી પન્નુ), ફલક અલી (કીર્તિ કલ્હારી) અને એન્ડ્રીયા (એન્ડ્રીયા તાયરંગ) રાત્રે મ્યુઝિક કન્સર્ટમાં જાય છે. આપણી પણ બહેન-દીકરીઓ જાય છે એમ... ત્યાં તેમને ચાર-પાંચ યુવાનોનો પરિચય થાય છે, આપણી બહેન-દીકરીઓને થાય છે એમ જ... આ યુવાનો પૈકીનો એક આ ત્રણ સહેલીઓ પૈકીની એકનો નાનપણનો સહાધ્યાયી છે, એ નાતે આ સહેલીઓ અને યુવાનો વચ્ચે ઓળખાણ અને મિત્રતા કેળવાય છે. અત્યારના યુવાનોની જેમ જ બધા સહજતાથી કોઈ રિસોર્ટમાં ડીનર માટે જાય છે, આપણી બહેન-દીકરીઓ પણ જાય જ છે એમ... ત્યાં સહુ સહજતાથી થોડું ડ્રીન્ક લે છે અને આટલા પરિચયમાં એક નબીરો એક સહેલી સાથે વધુ સામીપ્ય કેળવવાનો પ્રયત્ન કરે છે, પેલી સહેલી આવા આક્રમણનો પહેલાં ઈન્કાર અને પછી પ્રતિકાર કરે છે... પરન્તુ સ્ત્રીઓ કરતાં માત્ર અને માત્ર શારિરીક રીતે સશક્ત પુરૂષ સામે સ્ત્રી કઈ રીતે ઝઝૂમે ? પેલી સહેલી હાથમાં આવ્યું તે હથિયારના નાતે પાસે પડેલી બોટલ નબીરાના માથે મારીને રિસોર્ટમાંથી નિકળીને ઘરે આવી જાય છે. મોટા રાજકારણીનો આ ભત્રીજો નબીરો કાયદો-વ્યવસ્થા-બંધારણને પોતાની જાગીર જ માને છે, પોલીસ તથા વ્યસ્થાતંત્ર આ માન્યતા રોજેરોજ વધુ દ્રઢ બને એવું જ વર્ત્યા કરે છે... અને એટલે જ કોર્ટરૂમ કોર્ટની બહાર છે... આજકાલ બધા જ બોલ કોર્ટરૂમના કોર્ટમાં છે...!!!

ઉલટા ચોર કોટવાલ કો દંડે... આ ઉક્તિનો અર્થ આજકાલ કોઈનેય સમજાવવો પડે એવું નથી રહ્યું. દરેકને અનુભવ હશે જ. 'પિન્ક' માં પણ રાજકારણીનો ભત્રીજો સહેલી સામે કેસ કરે છે અને આ સહેલીના ચારિત્ર્ય સામે જ સવાલો ઉઠાવીને તેને દોષી ઠેરવી સ્વયં બા-ઈજ્જત બરી થવાના કારનામા કરે છે.

સહેલી પક્ષે બધી જ દલીલોને અંતે અમિતાભ બચ્ચન જે મુદ્દો મુકે છે તે ખૂબ જ મહત્વનો છે. પેલી સહેલીએ રૂમમાં નબીરાને 'ના' પાડી હતી. 'નો' કહ્યુ હતું. 'નો' મીન્સ 'નો'. આ એક અક્ષરનું સંપૂર્ણ વાક્ય છે. આ વાક્યમાં કોઈ આશ્ચર્યચિન્હ, કોઈ કોમા નથી. આ એક અક્ષર સ્વયમ્ સ્પષ્ટ છે, તેને કોઈ ભાવાર્થની જરૂર નથી. જ્યારે કોઈ સ્ત્રી 'નો' કહે ત્યારે 'નો'. પછી ભલે તે તમારી સહેલી હોય, પ્રેમિકા હોય, વેશ્યા હોય કે પછી પત્ની પણ કેમ ન હોય...!!! 'નો' મીન્સ 'નો'. એ પછી પણ જો કોઈ બળજબરી કરે તો પછી સ્ત્રીને પોતાની રીતે તેનો પ્રતિકાર કરવાની છૂટ છે... મહિલાના મોઢેથી નિકળેલી 'ના' માં તેના સમગ્ર અસ્તિસ્વનો ચિત્કાર છે, તે સંભળાવો જ જોઈએ, તેનું સન્માન થવું જ જોઈએ... આપણું સદ્‌ભાગ્ય છે કે, પિયુષ મિશ્રા જેવા સશક્ત વકીલની દલીલો સાંભળ્યા પછી પણ ધૃતિમાન ચેટરજી જેવા વરિષ્ઠ બંગાળી કલાકાર ન્યાયમૂર્તિએ સહેલી-મિનલ અરોરા(તાપસી પન્નુ) ના વકીલ અમિતાભ બચ્ચનની દલીલો માન્ય રાખી...!!!

કોર્ટ ની કાર્યવાહી પૂર્ણ થાય છે, 'પિન્ક' નો 'ધી એન્ડ' આવે છે અને આપણે-સમાજે વિચારવાનું શરૂ થાય છે. સહેલીઓ વતીથી અમિતાભ બચ્ચને કોર્ટમાં ઉઠાવેલા સવાલો આમ તો આપણી સામે જ ઉઠાવ્યા છે. આ ફિલ્મ યુવાનોએ તો અચૂક જોવા જેવી છે. માતા-પિતાએ પોતાના દીકરાઓને ખાસ દેખાડવાની જરૂર છે. જો દીકરાઓ સુધરશે તો પછી દીકરીઓની ચિંતા નહીં કરવી પડે....... આપણે કેટલીક ફિલ્મોને માત્ર મનોરંજન માટે જ નહીં લઈ લેવી જોઈએ. ક્યારેક મનોમંથન પણ કરવું જોઈએ... માત્ર અને માત્ર કથા-વાર્તા-સત્સંગ કે સંત સમાગમથી જ આપણું કલ્યાણ થાય એવું ન માની લેવું જોઈએ. 'પિન્ક' જેવી ફિલ્મ પણ આપણું કલ્યાણ કરી શકે ! આપણે એટલે સમાજ...અને સમાજ એટલે હું અને તમે...!!!

